આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૪૪ | ૩ ઓગસ્ટ, ૨૦૧૪, રવિવાર; શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર સમાચાર

તા. ૩-૮-૨૦૧૪, રવિવાર : ૭

## ભોળાભાઈ પટેલ બીબીએ કોલેજ ખાતે વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ૫૦માં જન્મ દિવસની ઉજવણી નગરની તમામ સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને નગરજનોદ્વારા ધામધૂમ પૂર્વક કરવામાં આવી ત્યારે જન્મદિવસ નિમિત્તે ભોળાભાઈ પટેલ, બીબીએ કોલેજ, વન વિભાગ, અને વનશ્રી નેચર કલબ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

સરકાર દ્વારા ૬૫મો વન મહોત્સવ મનાવવામાં આવ્યો ત્યારે નગરને હરિયાળું બનાવવા બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન, વનશ્રી નેચર કલબ અને વન વિભાગના સહિયારા પ્રયાસથી મેગા ટ્રી પ્લાન્ટેશન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બીબીએ કોલેજના ૧૧૫ વિદ્યાર્થીઓ અને નેચર કલબના ૫૦ સ્વયંસેવકો દ્વારા નગરના ૧ થી ૩૦ સેકટરોમાં વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રા. માર્ગી દેસાઈ, શ્રીમતી અંજના નિમાવત, ડી.એફ.ઓ. પ્રકાશભાઈ રાવલ, આર.એફ.ઓ. ભરતભાઈ સોલંકી તેમજ પ્રો. ડૉ. રમાકાન્ત પુષ્ટી હાજર રહ્યા હતાં.